# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

બીજો માળ, એ.સી.પી.સી.બિલ્ડીંગ, એલ.ડી.એન્જી.કોલેજ કેમ્પસ, નવરંગપુરા,અમદાવાદ-15

## ડિપ્લોમા અભ્યાસક્રમો ચલાવતી સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ બાબતે

## પ્રવેશ વર્ષ: 2021-22

શૈક્ષણિક વર્ષ 2021-22 ની પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા.12/10/2021 ના રોજ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે ત્યારબાદ ખાલી રહેલ બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) એક્ટ 2007 ના નિયમ 20 "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેનાં અનુસંધાને ટેકનિકલ શિક્ષણ સંચનાલયના તાબા હેઠળની ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકોનો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે. આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અગાઉ રજીસ્ટ્રેશન પૂર્ણ કરેલ હોય તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરવાનુ રહેતુ નથી. પરંતુ તેઓએ www.gujdiploma.nic.in પર પોતાના લોગઇન આઇડી માં અનુક્રમ 4 માં દર્શાવેલ સમય મર્યાદામાં ઓનલાઇન સંમતિ આપવાની રહેશે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| 1 | નિયમ 20 મુજબ ખાલી બેઠકોની યાદીની પ્રસિધ્ધિ www.acpdc.co.in અને www.gujdiploma.nic.in | 12/10/2021 |
| 2 | અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય, તેઓ માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન ની કાર્યવાહી www.gujdiploma.nic.in | 12/10/2021 થી 14/10/2021 |
| 3 | નિયમ 20 મુજબ મેરીટ યાદીની પ્રસિધ્ધિ www.acpdc.co.in અને www.gujdiploma.nic.in | 19/10/2021 |
| 4 | નવા રજીસ્ટ્રર્ડ લાયકી ઉમેદવારો માટે ઓનલાઇન સંસ્થાની પસંદગી અને અગાઉ ACPDC નો મેરીટ નંબર ધરાવતા આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારો માટે ઓનલાઇન સંમતિ આપવા અને સંસ્થાની ઓનલાઇન પસંદગીની કાર્યવાહી www.gujdiploma.nic.in | 19/10/2021 થી 20/10/2021 |
| 5 | પ્રવેશ ફાળવેલ સંસ્થા ની પ્રસિધ્ધિ www.acpdc.co.in અને www.gujdiploma.nic.in | 23/10/2021 |
| 6 | પ્રવેશ કાયમ કરાવવા અને ઓનલાઇન ફી ભરવા ની કાર્યવાહી www.gujdiploma.nic.in | 23/10/2021 થી 25/10/2021 |

સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો ની વિગત સમિતિ ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. તેમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોએ જે તે સ્વનિર્ભર સંસ્થાનો સીધો સંપર્ક કરવાનો રહેશે.

**-મેમ્બર સેક્રેટરી**

ક્રમાંક: સંમાનિ/અમદ/ /2021 **Helpline Number- 079-26566000 (24 X 7)**